

# નર્મદા ડેમના ઉપરવાસમાંથી 2.21 લાખ ક્યુસેક પાણી છોડાયું, 10 દરવાજા ખોલાયા

**આગામી** ૨૪ કલાકમાં પાણીની આવક આવે એ પહેલાં તંત્ર એલર્ટ

ભરૂચઃ નર્મદા ડેમની સપાટી હાલ 135.38 મીટર નોંધાઈ છે. ઉપરવાસમાંથી 1,18,468 ક્યુસેક પાણી આવી રહ્યું છે.

ડેમના 10 દરવાજા 0.72 મીટરની સપાટીથી ખુલ્લા રાખવામાં કરવામાં આવ્યા છે. જો કે હાલમાં ભરૂચ ગોલ્ડન બ્રિજ પર માત્ર 10.83 ફૂટની સપાટી છે. હાલમાં તો પાણીની સપાટી તદ્દન ઓછી છે.

મધ્યપ્રદેશમાં ભારે વરસાદને કારણે થોડા દિવસ પહેલાં ડેમના 15 દરવાજા ખોલવામાં આવ્યા હતા. ઉપરવાસમાંથી આવતા પાણીના કારણે ડેમની સપાટી 136 મીટરને પાર કરી ગઈ હતી. એક તબક્કે ડેમ માત્ર 2 મીટર જેટલો ખાલી રહ્યો હતો. હાલ 5 દરવાજા બંધ કરી દેવામાં આવ્યા છે. ઈન્દિરાસાગર ડેમમાંથી 12 દરવાજા ખોલીને 2,21,480 ક્યુસેક પાણી છોડવામાં આવ્યું છે. આ પાણી આગામી 24 કલાકમાં સરદાર સરોવર ડેમમાં પહોંચશે. જેના કારણે ડેમની સપાટીમાં વધારો થવાની સંભાવના છે. ડેમમાં આગામી ૨૪ કલાકમાં પાણીની આવક આવે એ પહેલાં તંત્રએ તકેદારી રાખી છે.

# ભરૂચ નગરપાલિકાના કૃત્રિમ જળકુંડમાં શ્રીજીની 870થી વધુ મૂર્તિનું વિસર્જન કરાયું

**પર્યાવરણીય** અભિગમ સાથે વિસર્જન પ્રક્રિયા હાથ ધરાઈ

ભરૂચઃ શ્રીજી મહોત્સવની ભક્તિમય ઉજવણી ભરૂચ શહેર તેમજ જિલ્લાભરમાં ઉમંગભેર ચાલી રહી છે. શહેરના શેરી-મહોલ્લા, સોસાયટીઓથી લઈને ઘરોમાં વિવિધ થીમ અને આકર્ષક સજાવટ સાથે માટી તેમજ પીઓપીની નાની-મોટી પ્રતિમાઓની સ્થાપના કરવામાં આવી છે. ભક્તો પરંપરા મુજબ 3, 5, 7 અને 10 દિવસ સુધી શ્રીજીની પૂજા-અર્ચના કરી શ્રદ્ધાભાવ સાથે વિદાય આપે છે. આ અંતર્ગત વિસર્જન માટે ભરૂચ નગરપાલિકા દ્વારા જે.બી.મોદી પાર્ક પાસે ખાસ કૃત્રિમ જળકુંડ ઊભું કરવામાં આવ્યું છે.



નગરપાલિકા દ્વારા ઉભા કરાયેલા આ કૃત્રિમ જળકુંડમાં છેલ્લા બે દિવસમાં જ 870થી વધુ માટી અને પીઓપીની પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. વિસર્જન દરમિયાન ભક્તોને કોઈપણ પ્રકારની અગવડતા ન પડે એ માટે નગરપાલિકા તંત્રએ સ્થળ પર જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરી હતી. ભક્તો આરામથી, ભક્તિભાવ પૂર્વક શ્રીજીનું વિસર્જન કરી શકે એ માટે સ્થળે વિશેષ વ્યવસ્થા ગોઠવાઈ હતી.

ઉલ્લેખનીય છે કે, આવનારા દિવસોમાં ખાસ કરીને દસ દિવસની પૂજા બાદ વિસર્જન કરનાર ભક્તોની મોટી સંખ્યાને ધ્યાનમાં રાખીને નગરપાલિકા દ્વારા જે.બી. મોદી પાર્ક નજીક એક મોટો કૃત્રિમ જળકુંડ પણ તૈયાર કરવામાં આવ્યું છે. અહીં મોટી સંખ્યામાં લોકો સરળતાથી શ્રીજીનું વિસર્જન કરી શકે તે માટે પૂરતી જગ્યાની સાથે વ્યવસ્થા કરવામાં આવી છે. કૃત્રિમ જળકુંડમાં વિસર્જિત થયેલી પ્રતિમાઓનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવામાં આવશે. જેથી નદી કે કુદરતી જળાશયો પ્રદૂષિત ન થાય. આ પગલું પર્યાવરણ સંરક્ષણ માટે અત્યંત જરૂરી છે.

# બગુમરામાં મોટર રિપેરિંગ બાબતે મારામારી થતાં સામસામી ફરિયાદ

**ઈજાગ્રસ્તોને** સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા

પલસાણાઃ પલસાણાના બગુમરા ગામમાં સિદ્ધિવિનાયક સોસાયટીના ગેટ પાસે મોટર રિપેરિંગના મુદ્દે બોલાચાલી થયા બાદ મારામારીની ઘટના સામે આવી છે. આ ઘટનામાં બંને પક્ષોએ એકબીજા સામે પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે, જેના કારણે બે અલગ-અલગ FIR દાખલ થઈ છે.

બગુમરાની સિદ્ધિવિનાયક સોસાયટીમાં રહેતા ગોપાલસિંહ ભીમાશંકરસિંહ સિંહ સોસાયટીના પ્રમુખ છે. તેમની ફરિયાદ મુજબ 1 સપ્ટેમ્બર, 2025ના રોજ રાત્રે 11 વાગ્યાની આસપાસ તેઓ તેમના મિત્ર વિશાલ સાથે સોસાયટીના ગેટ પાસે ઊભા હતા. ત્યારે સોસાયટીની પાણીની મોટર બગડવા બાબતે સોસાયટીના પ્રમુખ તરીકે સંતોષ ઉત્તમભાઈ માલી અને તેમના પુત્ર શૈલેષ ઉત્તમભાઈ માલી સાથે વાતચીત કરી રહ્યા હતા.

દરમિયાન વાતચીત ઉગ્ર બનતાં સંતોષ અને શૈલેષે તેમની સાથે ગાળાગાળી કરી ઝપાઝપી શરૂ કરી હતી. ગોપાલસિંહના કહેવા મુજબ શૈલેષે બાજુમાં પડેલી લાકડી વડે તેમના મિત્ર વિશાલને માથાના ભાગે માર માર્યો હતો.

જેના કારણે તેમને ઈજા થઈ હતી. બાદ સોસાયટીના અન્ય લોકોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો.

બીજી તરફ સંતોષ ઉત્તમભાઈ માલીએ પણ ગોપાલસિંહ અને વિશાલ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી છે.

તેમની ફરિયાદ મુજબ તે જ દિવસે અને સમયે ગોપાલસિંહ, વિશાલ અને અન્ય એક વ્યક્તિ અશોકભાઈએ તેમની સાથે ગાળાગાળી કરી અને ઝપાઝપી કરી. સંતોષભાઈએ આરોપ લગાવ્યો છે કે વિશાલે તેમના પુત્ર શૈલેષને માથાના ભાગે લાકડી મારી ઈજા પહોંચાડી હતી.

પોલીસે બંને પક્ષોની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બંને ઘટનામાં ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલ લઈ જવાયા હતા.

# કોસંબા ગામની ભાગોળે માર્ગ પર પડેલા ખાડાની આખરે મરામત

**નાના-મોટા** અકસ્માત સર્જાતાં વાહન ચાલકો હેરાન થઈ ગયા હતા

હથોડાઃ કોસંબાથી બિરલા કંપની થઈને હાંસોટને જોડતા માર્ગ પર કોસંબા ગામની ભાગોળે મસમોટા ખાડા પડી જતાં અને નાના-મોટા અકસ્માત સર્જાતા માર્ગ પરથી પસાર થતા વાહન ચાલકો જીવના જોખમે પસાર થતા હતા. આ બાબતે ગુજરાતમિત્ર અખબારમાં અહેવાલ પ્રસિદ્ધ થતા જ સાવ નિષ્ક્રિય રહેલા તંત્રના જવાબદાર અધિકારીઓને પોતાની ફરજનું ભાન થયું હતું અને દોડતા થયેલા તંત્રએ બુધવારે સવારે 11 કલાકે મરામત કાર્ય કર્યું હતું.



ઈબ્રાહીમ કાનુ

આ માર્ગ પર મોટા મોટા ખાડા પડતા અને માર્ગ પર મોટી કપચી વેરણછેરણની હાલતે પડતાં મોટાં લોડિંગ વાહનોની વચ્ચે માર્ગ પરથી પસાર થતાં બાઈક ચાલકોને અકસ્માતની દહેશત સતાવતી હતી. આ માર્ગના વિસ્તારમાં આવેલી ન્યૂટ્રલ ગ્લાસ, પીજીપી ગ્લાસ, પ્રગતિ ગ્લાસ, હંસા ડેપો અને છેક બિરલા કંપની સુધી વિસ્તારના કામદારો નાનાં-મોટાં વાહનો પર જતાં પડેલા ખાડાઓના કારણે ત્રાસી ગયા હતા. વરસાદ પડે ત્યારે ખાડાઓમાં પાણી ભરાતાં ખાડાની ઊંડાઈનો ખ્યાલ નહીં આવતાં વાહનચાલકો ખાડામાં પટકાઈ રહ્યા હતા. જેના કારણે ચાલકોને ઈજા સાથે વાહનોમાં પણ નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. નાના મોટા અકસ્માત થતા હતા. આ બાબતે કોસંબા ગામના જાગૃત કાર્યકર્તા સલીમ મામુ શાહ અને અબ્દુલભાઈ વરાછીયાએ જાગૃતતા દાખવી રજૂઆત કરતાં ગુજરાતમિત્રમાં અહેવાલ પ્રસિદ્ધ થતાં જ તંત્ર હરકતમાં આવ્યું હતું અને આજે માર્ગની મરામત કરતા વિસ્તારના વાહનચાલકોએ કંઈક અંશે રાહત અનુભવી હતી.

## કોસમાડા પાસે ટેક્સટાઈલના ધંધા સંકળાયેલા યુવાનનો ઝેર ગટગટાવી આપઘાત



વિશાલ પટેલ

કામરેજઃ કોસમાડા પાસે એંથમ સર્કલ પાસે યુવાને દેવું થઈ જતાં ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો. મૂળ જૂનાગઢના રામપરાના વતની અને હાલ એ-58 શેરી નં.2 સાંકેતધામ સોસાયટી, કિરણ ચોક, સુરતમાં રહેતા અને ટેક્સટાઈલના ધંધા સાથે સંકળાયેલા 25 વર્ષીય કિશન મનજી ગાજીપરાએ મિત્ર અભિષેકને બુધવારે સવારે ફોન કરતાં તેના પિતાએ ફોન રિસીવ કરતાં ફોન કાપી નાંખ્યો હતો. પરંતુ થોડીવાર બાદ ફરી કિશને મિત્ર અભિષેકને ફોન કરી જણાવ્યું કે મેં દવા પી લીધી હતી. એંથમ સર્કલથી કડોદરા જતાં રોડ પર છું તેમ કહેતાં અભિષેકના પિતા બાજુમાં હોવાથી તેમણે વાત કરી કિશનને સાંત્વના આપી બાદમાં કિશનના પરિવારને જાણ કરી હતી. જે કોસમાડા ગામની હદમાં ડિવાઈડર પાસે મૃત હાલતમાં મળ્યો હતો. પરિવારના સભ્યોની પૂછપરછ કરતાં દેવુ થઈ જતાં આપઘાત કર્યો હોવાનું જાણવા મળ્યું હતું. મરનાર કિશન અપરિણીત હતો.

Milano MULTIPLEX
બારડોલી
Param Sundari
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Vash Level 2-Gujarati
11:00am, 03:00pm, 09:30pm
Bachu Ni Benpani-Gujarati
12:00pm, 06:00pm, 09:00pm
War 2 - 05:30pm
Coolie - 02:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્કઃ 98791 33333

# સેવણીમાં બેટરીના ધંધાર્થી સાથે ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની કેદની સજા

કામરેજઃ કામરેજના વિહાણ ગામે રિંકલ ભરત રાઠોડ રહે છે. જેઓ ટ્રાન્સપોર્ટનો ધંધો કરતા હતા. સેવણી ચાર રસ્તા ખાતે મનીષાબેન રાકેશ પટેલ (રહે.,આસ્તા, પટેલ ફળિયું)ના પતિ બેટરી વેચવાનો ધંધો કરતા હતા.

બંને વચ્ચે મિત્રતા હતી. રાકેશ પટેલને ધંધા માટે રૂ.5 લાખની જરૂર પડતાં રિંકલ પાસે મકાન વેચાણ કરતાં રૂપિયા આવેલા હોવાથી રૂ.4,08,000 એક વર્ષ માટે આપ્યા હતા. એક વર્ષ પૂર્ણ થઈ જતાં રિંકલે રૂપિયાની માંગણી કરતાં રાકેશે પત્ની મનિષાબેનનો એચ.ડી.એફ.સી. બેંક આસ્તાનો રૂ.4,08,000નો ચેક આપ્યો હતો. જે ચેક વિહાણની બેંક ઓફ બરોડામાં નાંખતાં ડ્રોઅર સીગનેચચ ડીફરના શેરા સાથે ચેક રિટર્ન થતાં રાકેશને રજિસ્ટ્રાર એડીથી નોટિસ મોકલવામાં આવી હતી. બાદમાં પણ રૂપિયા ન આપતાં રિંકલે વકીલ વિરેન્દ્રસિંહ બોદાણા દ્વારા આરોપી વિરુદ્ધ કઠોર કોર્ટમાં ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 મુજબ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

જે કેસ કોર્ટમાં ચાલી જતાં વકીલ વિરેન્દ્રસિંહ બોદાણા દ્વારા ધારદાર રજૂઆતો કરાતાં આરોપી મનીષાબેન રાકેશ પટેલને ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-138ના ગુનામાં એક વર્ષની સાદી કેદની સજા અને વળતર પેટે રૂ.4,08,000 આપવાનો હુકમ એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કઠોરના પ્રખર શર્મા દ્વારા કરવામાં આવ્યો હતો.

વળતરની રકમ ન ચૂકવે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.

મહેરબાન બારડોલીના પ્રિન્સીપલ સીનીયર સીવીલ જડજ સાહેબની કોર્ટમાં,
સ્પે.દિ.મુ. નં. ૬ સને ૨૦૨૩

વાદી :- બૈદ્યનાથ પુલકીત ઝા, રહેવાસી : ૧૩૦૪, માર્સ, રાજહંસ કેમ્પસ, અટલ આશ્રમ રોડ, અડાજણ, પાલ-હજીરા રોડ, સુરત

વિરૂધ્ધ

પ્રતિવાદીઓઃ(૨) પ્રવિણાબેન ઉર્ફે પ્રીયાબેન નરેન્દ્રભાઈ દિકરી તથા જયેશભાઈ પટેલની પત્ની, રહે : ૧૪, પાંડેસરા ગામ, રામજી મંદિર પાસે, પાંડેસરા, સુરત
(૫) દમયંતીબને રામુભાઈ, રહે : મોજે પાથરણ, તા. મહુવા, જી. સુરત
(૧૧) સોનાલી કલ્પેશભાઈ રાઠોડ, રહે : મોજે પાથરણ, તા. મહુવા, જી. સુરત
(૧૨) આશિષકુમાર કલ્પેશભાઈ રાઠોડ, રહે : એજનના

**જાહેર સમન્સ**

આ દાવાના વાદીએ ઉપરોકત નંબરનો દાવો નામદાર કોર્ટમાં આ કામના પ્રતિવાદીઓ ઉપર સુરત ડીસ્ટ્રીકટ, મહુવા સબ-ડીસ્ટ્રીકટ મોજે ઢુંઢેસાના રેવન્યુ સર્વે નંબર ૩૩, ૩૪/૧, ૪૦, ૪૧ જેનો બ્લોક નં. ૪૬ થી નોંધાયેલી જુની શરતની ખેડખાતાની જમીન જે સુમારે ૦૪ હેકટર ૮૯ આરે ૦૦ ચોરસ મીટર અને જેનો આકાર રૂા.૪૫-૭૦ પૈસાવાળી જમીન પૈકી કરારના વિશેષ અમલ તથા જાહેરાત તથા જાથુકની મનાઈ અંગેનો કરેલો છે. તમોને સદર કામમાં પ્રતિવાદી નં.૨, ૫,૧૧ તથા ૧૨ તરીકે જોડેલા છે. તમોને સદર દાવામાં જણાવેલ તમારા સરનામે નામદાર કોર્ટના પ્રોસેસો બજાવવા મોકલેલ, પરંતુ તે તમોને બજી શકેલ નહીં જેથી તમોને આ જાહેર સમન્સ થકી નામદાર કોર્ટના પ્રોસેસ બજાવવામાં આવે છે. સદર દાવાની હવે પછીની ઠરાવ તા. ૧૬/૯/૨૦૨૫ ની છે જેથી તે દિવસે જાતે અથવા વકીલશ્રી મારફતે ઉપરોકત કોર્ટમાં સવારે ૧૧-૦૦ કલાકે નામદાર કોર્ટમાં હાજર રહેવું. જો તમો તેમ કરવામાં કસુર કરશો તો તમારી ગેરહાજરી ગણી લઈ નામદાર કોર્ટ સદર દાવાની આગળની કાર્યવાહી કરવાનો હુકમ ફરમાવશે અને તે મુજબની કાર્યવાહી કરશે જેની નોંધ લેશો.

આજ તા. ૧૪ મી માહે ઓગષ્ટ સને ૨૦૨૫.

| તૈયાર કરનાર : | મુકાબલ કરનાર : | કોર્ટ નો સિક્કો | હુકમથી |
| --- | --- | --- | --- |
| સહી/-પી.બી.તુંડીવાલા | સહી/-બી.બી.માલી | | સહી/-જે.એલ.પટેલ |
| આસીસ્ટન્ટ | સુપ્રિન્ટેન્ડન્ટ | | રજીસ્ટ્રાર, સીવીલ કોર્ટ, બારડોલી |

## જોરાવગા પાસે કાર અડફેટે ભેંસનું મોત

કીમઃ અણીતામાં રહેતા મહેન્દ્રભાઈ પટેલે કીમ પોલીસ સ્ટેશનમાં આપેલી ફરિયાદ મુજબ સોમવારે સાંજે કાર નં.(GJ-05 JP-9027)ના ચાલકે વિદ્યાદીપ કોલેજ આગળ જોરાવગા પાસે અકસ્માત કરી તેમની ભેંસ તથા પાડીને ટક્કર વાગતાં ભેંસનું મોત થયું હતું. બાઈક ચાલક પણ ઈજાગ્રસ્ત થયો હતો.

# કામરેજની પરિણીતાનો અનાજમાં નાંખવાની ઝેરી દવા પી આપઘાત

કામરેજઃ મૂળ જૂનાગઢના ગીર ગુંદાળાના વતની અને હાલ કામરેજની રિધ્ધિ સિધ્ધિ રેસિડન્સીમાં મકાન નં.53માં રહેતી પરિણીતા કાજલબેન વિશાલભાઈ પરમાર (ઉં.વ.31) મંગળવારે સવારે 8 કલાકે ઊલટી કરતાં પતિને શંકા જતાં બાઈક પર બેસાડી ખાનગી હોસ્પિટલમાં લઈ ગયો હતો. ડોક્ટરે પૂછતાં પરિણીતાએ ઘરમાં કબાટમાં મૂકેલી અનાજમાં નાંખવાની દવા પી લીધી હોવાનું કહ્યું હતું. બાદ સુરતની ખાનગી હોસ્પિટલમાં લઈ જતાં તબીબે બપોરે મૃત જાહેર કરી હતી.

**શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ**
Regd. Off: 95/1, ભરૂચ પાલેજ રોડ, ભોલાવ જિ. ભરૂચ 392001
Email: nalexbh@yahoo.co.in વેબસાઈટ: www.snailbh.in
CIN: L91110GJ1981PLC004269

## 44 મી એજીએમ, બુક ક્લોઝરની સૂચના

આથી સૂચના આપવામાં આવે છે કે નાણાકીય વર્ષ 2024-2025 માટે કંપનીના સભ્યોની 44મી વાર્ષિક સામાન્ય સભા (AGM) ગુરુવાર 25મી સપ્ટેમ્બર, 2025ના રોજ સવારે 11.00 કલાકે હોટેલ શાલીમાર, સ્ટેશન રોડ, ભરૂચ- 392001 ખાતે યોજાશે. AGM ની નોટિસમાં દર્શાવ્યા મુજબ વ્યવસાયનો વ્યવહાર કરો.

વાર્ષિક અહેવાલ સાથે એજીએમની નોટિસ, અન્ય બાબતોની સાથે, દૂરસ્થ ઈ-વોટિંગ સૂચના, એટેન્ડન્સ સ્લિપ, પ્રોક્સી ફોર્મ સભ્યોને તેમના ઈમેલ એડ્રેસ પર પરવાનગી/નિયત મોડ દ્વારા મોકલવામાં આવી છે. કંપનીની વાર્ષિક સામાન્ય સભાના હેતુ માટે 19મી સપ્ટેમ્બર, 2025 થી 25મી સપ્ટેમ્બર, 2025 (બંને દિવસો સહિત) કંપનીના સભ્યોનું રજિસ્ટર અને શેર ટ્રાન્સફર બુક્સ બંધ રહેશે. નાણાકીય વર્ષ 2024-2025નો વાર્ષિક અહેવાલ અને 44મી એજીએમની સૂચના કંપનીની વેબસાઈટ www.snailbh.in અને BSE લિમિટેડની વેબસાઈટ www.bseindia.com પર ઉપલબ્ધ છે. કંપનીઝ એક્ટ, 2013 ની કલમ 108 અનુસાર કંપનીઝ (મેનેજમેન્ટ એન્ડ એડમિનિસ્ટ્રેશન) સુધારેલા નિયમો, 2015 ના નિયમ 20 અને સેબીના નિયમન 44 (લિસ્ટિંગ ઓબ્લિગેશન એન્ડ ડિસ્કલોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, 2015 કંપની તેના સભ્યોને પ્રદાન કરે છે. ઈલેક્ટ્રોનિક માધ્યમથી સભામાં પસાર કરવા માટે પ્રસ્તાવિત ઠરાવો પર ઈલેક્ટ્રોનિક માધ્યમથી તેમના મતના અધિકારોનો ઉપયોગ કરવાની સુવિધા. સભ્ય મીટિંગના સ્થળ સિવાય અન્ય જગ્યાએથી ઈલેક્ટ્રોનિક વોટિંગ સિસ્ટમનો ઉપયોગ કરીને પોતાનો મત આપી શકે છે. ("રિમોટ ઈ-વોટિંગ") કંપનીએ સેન્ટ્રલ ડિપોઝિટરી સર્વિસીસ (ઈન્ડિયા) લિમિટેડની સેવા રોકી છે. (CDSL) રિમોટ ઈ-વોટિંગની સુવિધા પૂરી પાડવા માટે એજન્સી તરીકે સભ્યોને નીચેની બાબતોની નોંધ લેવા વિનંતી છે:-

a) રિમોટ ઈ-વોટિંગ સમયગાળો 22મી સપ્ટેમ્બર, 2025 ના રોજ સવારે 09.00 વાગ્યે શરૂ થશે અને 24મી સપ્ટેમ્બર, 2025ના રોજ સાંજે 5.00 વાગ્યે સમાપ્ત થશે. રીમોટ ઈ-વોટીંગ મોડ્યુલ ત્યાર બાદ અક્ષમ કરવામાં આવશે અને ઈલેક્ટ્રોનિક મોડ દ્વારા મતદાનની ઉક્ત તારીખ અને સમય પછી મંજૂરી આપવામાં આવશે નહીં.

b) ઈ-વોટિંગના હેતુ માટે કટ-ઓફ તારીખ 18મી સપ્ટેમ્બર, 2025 હશે.

c) જે વ્યક્તિનું નામ કટ-ઓફ તારીખ એટલે કે 18મી સપ્ટેમ્બર 2025 ના રોજ ડિપોઝિટરીઝ દ્વારા જાળવવામાં આવેલા સભ્યોના રજિસ્ટરમાં અથવા લાભાર્થી માલિકોના રજિસ્ટરમાં નોંધાયેલું હોય તે જ રિમોટ ઈ-વોટિંગની સુવિધા પણ મેળવવા માટે હકદાર હશે. એજીએમમાં મતદાન તરીકે. યોગ્ય સભ્યો કે જેમણે ઉક્ત તારીખ પછી શેર મેળવ્યા છે તેઓ તેમના મતના અધિકારનો ઉપયોગ કરવા માટે લોગિન આઈડી અને પાસવર્ડ મેળવવા માટે helpdesk.evoting@cdslindia.com પર સીડીએસએલનો સંપર્ક કરી શકે છે.

d) સભ્ય રીમોટ ઈ-વોટીંગ દ્વારા મત આપવાના તેમના અધિકારનો ઉપયોગ કર્યા પછી પણ એજીએમમાં ભાગ લઈ શકે છે પરંતુ મીટીંગમાં ફરીથી મતદાન કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

e) મતદાન પેપર દ્વારા મતદાન કરવાની સુવિધા એજીએમમાં પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે અને જે સભ્યોએ રિમોટ ઈ-વોટિંગ દ્વારા પોતાનો મત આપ્યો નથી તેઓ એજીએમમાં તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકશે. જો સદસ્યએ બંને રીતો દ્વારા તેમનો મત આપ્યો હોય, તો ઈ-વોટિંગ દ્વારા કરવામાં આવેલ મતદાન પ્રચલિત રહેશે અને મતદાન પેપર દ્વારા આપવામાં આવેલ મતને અમાન્ય ગણવામાં આવશે.

f) ઈ-વોટિંગ સંબંધિત કોઈપણ પ્રશ્નના કિસ્સામાં, સભ્યો/લાભકારી માલિકો www.evotingindia.com પર ઉપલબ્ધ FAQ અને ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકે છે.

g) ફરિયાદ માટે સંપર્ક વિગતો, જો તમારી પાસે ઈ-વોટિંગ સંબંધિત કોઈ ક્વોરીઝ અથવા સમસ્યાઓ હોય, તો તમે સભ્યો માટે વારંવાર પૂછાતા પ્રશ્નો ("FAQ") અને www.evoting.india પર ઉપલબ્ધ રિમોટ ઈ-વોટિંગ વપરાશકર્તા માર્ગદર્શિકાનો સંદર્ભ લઈ શકો છો. co.in હેલ્પ સેક્શન હેઠળ અથવા helpdesk.evoting@cdslindia.com પર ઈ-મેલ લખો.

**સ્થળ: ભરૂચ** — **બોર્ડ ઓફ ડિરેક્ટર્સના આદેશથી - શ્રી નર્મદા એલ્યુમિનિયમ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ માટે**
**તારીખ: 26/08/2025** — **-કાંતિલાલ પટેલ - મેનેજિંગ ડિરેક્ટર**

## સંક્ષિપ્ત સમાચાર

### અંતે સોનગઢ નગરના મુખ્ય રસ્તાના ખાડા પુરાયા



સોનગઢઃ સોનગઢ નગરમાં વરસાદને પગલે નગરના મુખ્ય રસ્તાઓ પર ઠેર ઠેર ખાડા અને કારણે વાહન ચાલકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. તેમજ આવનારા દિવસોમાં ગણેશ વિસર્જન સહિત ઈદે મિલાદના તહેવાર નજીક હોવાથી આયોજકોને મુશ્કેલીનો સામનો કરવો નહીં પડે, એ ધ્યાને લઇ પાલિકાનું ધ્યાન દોરાયું હતું. જેની ગંભીરતા પારખી નગરપાલિકાના બાંધકામ અધ્યક્ષ આશિષભાઈ શાહ દ્વારા બાંધકામ વિભાગનું ધ્યાન દોરવામાં આવતાં મુખ્ય ખાડાનું પુરાણ કરાવાયું હતું. જો કે, આ ખાડાના પુરાણના નામે કામ કરનાર એજન્સી બિલોમાં ભ્રષ્ટાચાર ન આચરે તેની તકેદારી રાખવા તંત્ર અને પાલિકા સભ્યો ધ્યાન રાખે એ જરૂરી છે.

### જનતા સાર્વજનિક કેળવણી મંડળની 59મી વાર્ષિક સાધારણ સભા યોજાઈ

બારડોલીઃ જનતા સાર્વજનિક કેળવણીમંડળની 59મી વાર્ષિક સાધારણ સભા બુધવારે મળી હતી. જેમાં આગામી ત્રણ વર્ષ માટે નવી વ્યવસ્થાપક સમિતિ અને પાંચ વર્ષ માટે ટ્રસ્ટીઓની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી છે. આ બેઠકમાં મંડળના વિકાસ અને ભવિષ્યની યોજનાઓ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. સભામાં થયેલી નિમણૂકો મુજબ પરેશભાઈ દિવેચાને વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ તરીકે પુનઃ ચૂંટવામાં આવ્યા છે. જ્યારે અત્યાર સુધી ટ્રસ્ટી પ્રમુખ તરીકે ફરજ બજાવતા રજનીકાંતભાઈ (સમીરભાઈ) જગુભાઈ પટેલને વ્યવસ્થાપક સમિતિના ઉપપ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. તેમની જગ્યાએ ટ્રસ્ટ પ્રમુખ તરીકે મહેન્દ્રભાઈ પટેલની વરણી કરવામાં આવી છે. મંત્રી પદ પર રાજેશભાઈ ઈશ્વરભાઈ પટેલ અને રાજેન્દ્રભાઈ શાહની પુનઃ વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત ખજાનચી તરીકે સંજયભાઈ પટેલ પણ ફરીથી સર્વાનુમતે ચુંટાયા છે. વ્યવસ્થાપક સમિતિના સભ્ય તરીકે તેજશભાઇ શાહ, રાજુભાઈ હેમનાણી, ભરતભાઈ પટેલ, રાજેન્દ્રભાઈ પટેલ, તૃષારભાઈ નાયક, નિરંજનભાઈ મિસ્ત્રી, ભાસ્કરભાઈ શાહ, કિરીટભાઈ પટેલ, જિજ્ઞેશભાઈ પટેલ, હરેશભાઈ પટેલ, હિરેનભાઈ દેસાઇ, ભૂપેન્દ્રસિંહ સોલંકી અને જિગરભાઈ નાયકની પણ સર્વાનુમતે પુનઃ વરણી કરવામાં આવી છે.

### ખોલવડ કોલેજમાં પ્લેસમેન્ટ કેમ્પ



વિશાલ પટેલ

કામરેજઃ કામરેજ ચાર રસ્તા ખાતે આવેલી ખોલવડ કોલેજમાં પ્લેસમેન્ટ કેમ્પનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ હેઠળ વિવિધ ક્ષેત્રની 5 પ્રતિષ્ઠિત કંપનીઓ અને એક ખાનગી શાળાએ ભાગ લીધો હતો. આ કેમ્પનું આયોજન કોલેજના આચાર્ય ડો.નીતિન શાહના માર્ગદર્શન હેઠળ કરાયું હતું. પ્લેસમેન્ટ કો-ઓર્ડિનેટર પ્રા.નિસર્ગ કોઠારી તથા તેમની ટીમના સહયોગથી સફળ રીતે આ કેમ્પનું સંચાલન થયું હતું. કોલેજની પ્લેસમેન્ટ ટીમમાં ડો.નિલેશ પંડ્યા, ડો.વિજય પટેલ, ડો.વિકાસ વસાવા, પ્રો.અક્ષય ચટણીવાલા, સ્વાતિબેન પટેલ તથા નિપૂર્ણાબેન પટેલનો મહત્ત્વનો ફાળો રહ્યો હતો. આ કાર્યક્રમનું આયોજન IQAC કો-આર્ડિનેટર ડો. અર્પિત દવેના સહકારથી શક્ય બન્યું હતું તેમજ નોન-ટીચિંગ સ્ટાફે પણ સંપૂર્ણ સહયોગ આપ્યો હતો. આમાં કુલ 140 વિદ્યાર્થીએ પ્લેસમેન્ટ કેમ્પમાં ભાગ લીધો હતો, જેમાંથી 30 વિદ્યાર્થી વિવિધ કંપનીઓ અને સંસ્થાઓમાં નોકરી માટે પસંદ કરવામાં આવ્યા હતા.

### અંકલેશ્વરમાં માદક પદાર્થના ગુનામાં વોન્ટેડ રાજુ લુહારને કીમ પોલીસે ઝડપી પાડ્યો

કીમઃ કીમ પોલીસ સ્ટેશન ટીમ વિસ્તારમાં ખાનગી વાહનમાં પેટ્રોલિંગમાં હતી. દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વર GIDC પોલીસ સ્ટેશનમાં એન.ડી.પી.એસ.ના ગુનામાં સંડોવાયેલા રાજુ ધર્મીચંદ લુહાર (મારવાડી) પોતાના કીમ સ્થિત આવેલા ઘરે હાજર છે. આ બાતમી મળતાં તપાસમાં એક ઇસમ ઘરની બહાર આવતાં કોર્ડન કરી પકડી લેવાયો હતો. જેનું નામઠામ પૂછતાં રાજેન્દ્ર ઉર્ફે રાજુ ધર્મીચંદ લુહાર(મારવાડી) (ઉં.વ.૩૪) (ધંધો-વેપાર) (રહે.,કીમ, ગીતાનગર, મૂળ રહે.,ભીલવાડ, રાજસ્થાન) નો હોવાની કબૂલાત કરી હતી. જેણે ગીતાનગર-૧માં શંકરભાઇ ખટીકની બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોરમાં કરિયાણાની દુકાન ચલાવતો હોવાનું જણાવ્યું હતું. રાજુ મારવાડીએ ગુનામાં પકડાયેલા આરોપી સુનીલ છેદી રામને તા.૩૦/૦૮/૨૦૨૫ના રોજ માદક પદાર્થ આપ્યો હતો. આથી કીમ પોલીસે ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

## :: જાહેર ચેતવણી ::

**મોજે મોટા બોરસરાના બ્લોક નં જુના ૧૮૯(અ), ૧૮૯(બ) નવો નં. ૧૮૫-૧૮૬ વાળી મિલકતના ૭/૧૨ માં નામ ધારકો અને ખરીદનાર જોગ**

સુરત ડિસ્ટીકટ માંગરોલ સબ ડિસ્ટીકટ **મોજે ગામ મોટા બોરસરા**ની ખાતા નંબર ૯૧૬ જેના **બ્લોક નં જુના ૧૮૯(અ) નવો નં. ૧૮૫** ક્ષેત્રફળ હે. ૧-૮૮-૯૮ આરે ચો.મી આકાર રૂા. ૧૯-૧૯ પૈસા વાળી તથા જુનો બ્લોક ૧૮૯(બ) નવો નં.-૧૮૬ વાળી ક્ષેત્રફળ હે. ૧-૧૭-૮૬ આરે ચો.મી આકાર રૂા.૧૦-૮૬ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીન ચાલી આવેલ છે. સદર મિલકતના **માલિક ભુપેન્દ્રસિંહ ઈશ્વરસિંહ કરમરીયા અને તેના મિત્ર અમિત ધીરૂભાઈ ધામેલીયા** અને તેમના બીજા સાગરીતોએ **જાહન્વી રેસીડન્સી** નામની રહેણાંકની સોસાયટીનું આયોજન કરેલું અને તે કહેવાતી રેસી.માં મારા અસીલો **(૧) શૈલેષકુમાર ઉમાશંકર પટેલ (૨) ચંદાદેવી શૈલેષકુમાર પટેલ (૩) ધરમેન્દ્ર લાલજીભાઈ મોર્યા ને ઘણી મોટી રકમ ચુકવીને ડાયરીઓ લખી આપેલ તથા સમજુતી કરાર લખી આપી નોટરી એડવોકેટ સમક્ષ નોંધાવેલ છે. (૪) જગદીશભાઈ દુ:ખીરામ જયશ્વાલ અને શૈલેષકુમાર પટેલ હસ્તક પ્લોટનાં ઘણાં બુકીંગ કરી મોટી રકમ મેળવી લીધેલ છે તથા બીજા બુકીંગ કરાનારાઓ મળી કુલ ૨૨૦ જેટલા બુકીંગ કરનારાને ડાયરીઓ લખી આપી ૨,૩૧,૦૦,૦૦૦/- જેટલી જંગી રકમ મેળવી લીધી છે જે તકરારો હજુ ઉભી છે.** ભુપેન્દ્રસિંહ ઈશ્વરસિંહ કરમરીયા અને તેના મિત્ર અમિત ધીરૂભાઈ ધામેલીયા વિરૂધ્ધ કોસંબા પોલીસ સ્ટેશનમાં એફ.આઈ.આર. દાખલ થતા તે ગુના બાબતે માંગરોલની ચીફ કોર્ટમાં ફોજદારી કેસ નં. ૧૩૬૭/૨૦૨૩ અને ૨૨૩૧/૨૦૨૩ થી ઈ.પી.કો. કલમ ૪૦૬, ૪૦૯, ૪૨૦, ૪૬૫, ૪૬૮, ૧૨૦(બી) મુજબનાં કેસો ચાલી રહેલ છે. આમ છતાં ભુપેન્દ્રસિંહ ઈશ્વરસિંહ કરમરીયા અને ૭/૧૨ માં નામ ધારકોએ એક બીજાના મેળાપીપણામાં (૧) હરેશભાઈ શિવાભાઈ સાકરીયા (૨) પંકજભાઈ મોહનભાઈ જીલરીયા (૩) ગીતાબેન ગોવનભાઈ ઉર્ફે ગોવિંદભાઈની પુત્રી તે રાજેશભાઈ મિસ્ત્રીની પત્ની (૪) મેહુલભાઈ બાબુલાલ સોનાણી (૫) સંજયકુમાર અંબાલાલ પટેલ વિગેરે ભાગીદારોને સદર મિલકતનો એક ગેરકાયદેસરનો વેચાણ દસ્તાવેજ લખીને તા.૨૮/૦૨/૨૦૨૫ ના રોજ માંગરોલની સબ રજીસ્ટ્રારની કચેરી માં ૧૭૭૨/૨૦૨૫ નં. થી નોંધાવી દીધેલ છે. આ નોંધ નં.૧૦૨૧૬ રદબાતલ કરવાની માંડવી પ્રાંત સાહેબની કોર્ટમાં મારા અસીલોએ અપીલ દાખલ કરી છે. તથા સુરતના કલેકટર સાહેબશ્રીને સદર મિલકતનું એન.એ. કરવા સામે વાંધા અરજી આપેલ છે. હાલમાં સદર મિલકત ઉપર કોઈ ઈસમો **ઉર્વિ ઈકો પાર્ક**ના નામથી ૨૦×૧૨૦ તથા ૧૭×૧૨૦ નું બોર્ડ લગાવી જાહેરાત કરી બુકીંગ મેળવવા કોશિષ કરી રહેલા છે. સદર મિલકતમાં કોઈ એન.એ. નો હુકમ થયેલ નથી. તથા અગાઉના જાહન્વી રેસી. ના નામે ૨૨૦ જેટલા બુકીંગ કરનારાઓ છેતરાયા છે અને બીજા બુકીંગ કરનારાઓ પોતાની રોકડ રકમ આપી કે અન્ય રીતે રોકાણ કરી બુકીંગ કરાવીને છેતરાય નહીં તે માટે હાલની જાહેર નોટીસ આપી જણાવવાનું કે સદર મિલકતના ટાઈટલ ચોખ્ખા નથી, હજુ તકરારો ઉભી છે. આ મિલકતમાં ૭/૧૨ માં નામ ધારકોને કોઈ ટાઈટલ પ્રાપ્ત થયું નથી તથા હવે પછી આ મિલકત કે મિલકતનો કોઈ ભાગ **ખરીદનારાને એટલે કે ઉર્વિ ઈકો પાર્કમાં બુકીંગ કરાવનારને કોઈ ટાઈટલ પ્રાપ્ત થશે નહીં** અને વધારાની બીજી તકરારમાં ઉતરવું પડશે, જેની નોંધ લેવી.

**મણીલાલ બી. પટેલ એન્ડ ભુમિ એસ. પટેલ, એડવોકેટ્સ**
ઓફિસ : એફ ૫/૬, દ્વારિકાધીશ કેમ્પસ, ઓલપાડ મામલતદાર કચેરીની સામે, હાથીસા રોડ, ઓલપાડ, સુરત. મો. ૯૮૨૫૬ ૮૨૩૩૩ (તા. ૦૪/૦૯/૨૦૨૫)